RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં.૪૬૦ તા.૧૨–૧૨ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ.

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૦૮–૧૧–૧૧ની અરજીથી રે.સ.નં.૭૨, બ્લોક નં.૯૬, પ્લોટ નં. ૧૪૦A,૧૪૦B (G+1), ૧૪૧A (G+1), ૧૪૧B (G+1), ૧૪૨A(G +1) ૧૪૨B(G+1),૧૪૩,૧૪૪,૧૪૪A બાબતે મુદ્દા નં.(૧) અવધુતધામ સોસાયટી, મોડલ ટાઉનસીપ પાસે, પરવત પાટીયા , ડુંભાલ, સુરત ખાતે આવેલ ઉપરના પ્લોટ પર હાલમાં મીનરલ વોટર પ્લાન્ટ હોવાનું આપની કચેરીના આકારણી વિભાગના રેકર્ડ પર છે તો આ પ્લોટધારકોને આપના વિભાગ ધ્વારા આપવામાં આવેલ ગુમાસ્તાધારાના તેમજ આરોગ્ય તથા ફુડના લાયસન્સની નકલો આપશો વિ. મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૬૦/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૦૮–૧૧–૧૧ની અરજીથી રે.સ.નં.૭૨, બ્લોક નં.૯૬, પ્લોટ નં. ૧૪૦A,૧૪૦B (G+1), ૧૪૧A (G+1),૧૪૧B(G+1), ૧૪૨A (G +1) ૧૪૨B(G+1),૧૪૩,૧૪૪, ૧૪૪A બાબતે અવધુતધામ સોસાયટી , મોડલ ટાઉનસીપ પાસે, પરવત પાટીયા, ડુંભાલ, સુરત ખાતે આવેલ ઉપરના પ્લોટ પર હાલમાં મીનલર વોટર પ્લાન્ટ હોવાનું આપની કચેરીના આકારણી વિભાગના રેકર્ડ પર છે તો આ પ્લોટધારકોને આપના વિભાગ ધ્વારા આપવામાં આવેલ ગુમાસ્તાધારાના તેમજ આરોગ્ય તથા ફુડના લાયસન્સની નકલો આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)ના પત્ર નં. સા.ઈ. ઝોન/ મહેકમ/ ૨૫૩૫ તા. ૦૫–૧૨–૧૧થી અધુરી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા મુદ્દા નં.૩,૪,૫ ની માહિતી તથા ફુડ લાયસન્સની માહિતી આપ્યાનું જણાતું ન હોઈ, તે સહિત બધા મુદ્દાની દફતરી માહિતી સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૮૫ તા.૨૦–૧૨–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ. તથા અરજદારને નારાજગી અંગે મુદ્દાવાર સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/આ.નં.૧૦૭૯ તા.૨૮–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.પીએચડી/ફુડ/૯૦૯ તા.૧૪–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૮–૧૨–૧૧ ન મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, લીંબાયતઝોન તરફથી આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૫૩૫ તા.૫–૧૨–૧૧ ના પત્રની નકલ , અવધુત સોસા. પ્લોટ નં.૧૪૩–૧૪૪ ના ગુમાસ્તાધારા લાયસન્સની નકલ, આકારણી ટેના નં.૨૩એ–૧૮–૭૫૧ –૦–૦૦૧ , નં.૨૩એ–૧૮–૭૫૩–૦–૦૦૧, નં.૨૩એ–૧૮–૭૫૫–૦–૦૦૧ , નં.૨૩એ–૧૮–૭૫૭–૦–૦૦૧ , નં.૨૩એ–૧૮–૭૬૧–૦–૦૦૧ , નં.૨૩એ–૧૮–૭૬૩–૦–૦૦૧, નં.૨૩એ–૧૮–૭૬૫–૦–૦૦૧ ના પાર્ટીસ્ટેટસની નકલો અત્રે મળેલ છે.

અરજદારની તા.૦૮–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) અવધુતધામ સોસા. મોડલ ટાઉન શીપ પાસે પરવત પાટીયા , ડુંભાલ સુરત ખાતે આવેલ ઉપરના પ્લોટ પર હાલમાં મીનરલ વોટર પ્લાન્ટ હોવાનું આપની કચેરીનો આકારણી વિભાગના રેકર્ડ પર છે તો આ પ્લોટ ધારકોને આપના વિભાગ ધ્વારા આપવામાં આવેલ ગુમાસ્તાધારાના તેમજ આરોગ્ય તથા ફુડના લાયસન્સની નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ચીફ ફુડ ઈન્સ્પેકટર તરફથી પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૯૦૯ તા.૧૪–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં ફુડ વિભાગના ઉપલબ્ધ

રેકર્ડ તપાસતા પ્લોટ નં.૧૪૩/૧૪૪, અવધુતધામ સોસા., મોડલ ટાઉન પાસે, પર્વત પાટીયા, સુરત ખાતે આવેલ " સ્વીટ વોટર " નામની સંસ્થાને પી.એફ.એ. એકટ હેઠળનું લાયસન્સ નં. PFA/SEZ/04/108 આપવામાં આવેલ છે. લાયસન્સ જે તે અરજદાર પાસે હોય તેની નકલ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૫૩૫ તા.૦૫–૧૨–૧૧ થી રે.સ. નં.૭૨ બ્લોક નં.૦૯ પ્લોટ નં.૧૪૦ એ , ૧૪૦ બી (ભો.ત.+ પ્ર.મા.), ૧૪૧ એ (ભો.ત.+ પ્ર.મા.), ૧૪૨ બી (ભો.ત.+ પ્ર.મા.), ૧૪૨ એ (ભો.ત.+ પ્ર.મા.), ૧૪૩,૧૪૪,૧૪૪એ , અવધુતધામ સોસા., મોડલ ટાઉનશીપ પાસે પરવત પાટીયા ડુંભાલ સુરત ખાતે આવેલ મીનરલ પાણીના પ્લાન્ટથી ગુમાસ્તાધારા હેઠળ થયેલ નોંધણી અંગેના પ્રમાણપત્રની નકલ પાના નંગ–૧ આ સાથે સામેલ છે. સદર સંસ્થાની ગુમાસ્તાધારા હેઠળ તપાસ કરવામાં આવેલ નથી. જે જાણશો. (૨) ઉપરોકત પ્લોટ પૈકીના જે જે પ્લોટ ધારકો અત્યાર સુધીમાં ગુમાસ્તાધારાનું આરોગ્ય વિભાગનું તથા ફુડ વિભાગનું લાયસન્સના આપ્યુ હોય તેવા પ્લોટ ધારકો વિરુધ્ધ અત્યાર સુધના આપના વિભાગે કરેલ કાર્યવાહીની નકલો સહિતની વિગતની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ચીફ ફુડ ઈન્સ્પેકટર તરફથી પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૯૦૯ તા.૧૪–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં પ્લોટ નં.૧૪૩/૧૪૪ સિવાય અન્ય પ્લોટ અંગે આવી માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. (૩) ઉપરોકત પ્લોટ પૈકીના કેટલા પ્લોટ પર આપના વિભાગ તરફથી કચેરી ધ્વારા પાણી ડ્રેનેજના કનેકશનો આપવામાં આવેલ છે તથા આ કનેકશનનો કેટલા કેટલા ઈંચના તથા કઈ કઈ તારીખે આપવામાં આવ્યા તેની વિગતો આપશો. મુદ્દા નં.(૪) અવધુતધામ સોસા. રેસીડેન્સીયલ પાસ થયેલ છે તો આ રેસીડેન્સીયલ સોસા.માં પાણીના પ્લાન્ટ નાંખવા માટે આપના વિભાગ ધ્વારા કયારે હેતુફેર કરવામાં આવ્યો તેની હેતુફેર કર્યા અંગેની નકલ તથા કયા કયા પ્લોટ હેતુફેર કરવામાં આવેલ અને તેની સામે આપના વિભાગે કેટલી કેટલી રકમ વસુલ કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. (૫) ઉપરોકત પ્લોટ પર પાણીના પ્લાન્ટ શરૂ કરવા અંગે આપના વિભાગે જે પરમીશન આપી હોય તે પરમીશન પત્રની નકલ આપશો. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૨–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના સંદર્ભે અરજદાર તરફથી પૂરક વિગતો માંગતા અરજદારે મંજુર ફકત પ્લોટ નં.૧૪૩,૧૪૪ અને ૧૪૪/એ ઉપર જ આપવામાં આવેલ છે. જયારે આકારણી રેકર્ડ મુજબ નોંધાયેલ તમામ સંસ્થાઓ ઉપર મીનરલ વોટર સંસ્થાઓ ધમધમી રહી છે તો દરેક પ્લોટ પર પાણીના કનેકશન તથા ગટર જોડાણ હોવા છતાં માહિતી પૂરી પાડેલ નથી તેવી રજૂઆત કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પ્લોટ નં.૧૪૩,૧૪૪ તથા ૧૪૪/એ મુજબ ગુમાસ્તા અને ફુડ લાયસન્સ હોવાનું જણાવેલ છે જયારે આરોગ્ય વિભાગે આ સિવાયના પ્લોટો માટે દફતરે ઉપલબ્ધ રેકર્ડ ન હોવાનું જણાવેલ છે તેમજ ગુમાસ્તાધારાની નકલ પણ પૂરી પાડેલ છે. પરંતુ અન્ય પ્લોટો માટે કોઈ દફતરી હકીકત જણાવેલ નથી તેમજ પાણી ડ્રેનેજના કનેકશનો બાબતે પણ કોઈ દફતરી હકીકત જણાવેલ નથી આમ અરજદારને માંગેલ માહિતી પૈકી નહીં પૂરી પડાયેલ માહિતી અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે અન્યથા આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કારણ જણાવવાનું રહે.

જાહેર માહિતી અધિકારી ફુડ કક્ષાએથી મુદ્દા નં.૨ ની વિગતે બાકીના પ્લોટમાં લાયસન્સ ન આપ્યું હોય તો કરેલ કાર્યવાહીની વિગતોની હકારાત્મક કે નકારાત્મક વિગતો જણાવવી. રહે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ધ્વારા બાકીના પ્લોટ અંગે મુદ્દા નં.૧ ની તથા મુદ્દા નં.૩ થી ૫ ની દફતરી હકીકતલક્ષી વિગતો આપવી રહે. અત્રે એ પણ સૂચક છે કે એક પણ જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતીના ઈન્કાર માટેના કોઈ અપવાદ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૮–૧૧–૧૧ થી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ફુડ ધ્વારા ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે મુદ્દા નં.૨ અંગે બાકીના પ્લોટ બાબતે કચેરી ધ્વારા હાથ ધરવામાં આવેલ કે હાથ નહીં ધરેલ બાબતની દફતરી હકીકતલક્ષી માહિતી તથા જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને મુદ્દા નં.૧ આંશિકની બાકીના પ્લોટ અંગેની દફતરી હકીકતલક્ષી માહિતી તથા મુદ્દા નં.૩ થી ૫ અંગે દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડ.....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ